પોલીસ જાપ્તો સમયસર ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંકઃજલક-૩૯૨૦૧૫-૨૫૮-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૧/૦૧/૨૦૧૫

વંચાણે લીધાઃ
(૧) જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા૨૧/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃજ્યુડી/૧/૬૨૩/૨૦૧૫.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરની તા.૨૫/૧૧/૨003ની યાદી ક્રમાંકઃજી.૧/એ/૧૯૦૯/પોઇ/કેદીપાર્ટી/03/૧૩૨૯

## પરિપત્ર

જ્યુડીશીયલ કસ્ટડી હેઠળ રાજ્યની જેલોમાં રહેલ કેદીઓને કોર્ટ મુદત દરમિયાન સંબંધિત નામ.કોર્ટમાં ઉપસ્થિત રખાવવા બાબતે જરૂરિયાત મુજબનો પોલીસ જાપ્તો સમયસર ફાળવવા અંગેની સરકારશ્રીની વખતોવખતની સૂચના તેમજ પ્રવર્તમાન ગુજરાત પોલીસ મેન્યુઅલ તથા જેલ મેન્યુઅલની જોગવાઇઓથી સર્વે પોલીસ અધિકારી સુવિદિત છે. તેમ છતાં સબંધિત પોલીસ સત્તાધિશો તરફથી સમયસર યોગ્ય પોલીસ જાપ્તો ફાળવવામાં આવતો ન હોવાના પરિણામે નિયત મુદતે કેદીને સંબંધિત કોર્ટમાં ઉપસ્થિત રાખી શકાતા ન હોવાથી કેદી દ્વારા નામ.કોર્ટમાં દાખલ કરવામાં આવતી પીટીશનમાં નામ.કોર્ટ દ્વારા રાજ્ય સરકાર પ્રત્યે સખત નારાજગી દાખવવામાં આવે છે. આ સંજોગોમાં પોલીસ જાપ્તો ફાળવવામાં પોલીસ સત્તાધિકારીની ઉદાસીનતાને કારણે રાજ્ય સરકારે ક્ષોભજનક સ્થિતિમાં મૂકાવું પડે છે.

તાજેતરમાં વડોદરા શહેરના કિશનવાડી પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૮૫/૨૦૧૦, ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૭, ૩૪૨ વગેરે મુજબના ગુનામાં જ્યુડીશીયલ કસ્ટડી હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં રહેલ આરોપી કેતન ઉર્ફે અર્ચિત પ્રવિણભાઇ પટેલને તેમના વિરુદ્ધના કેસની ટ્રાયલ દરમિયાન નામ.કોર્ટમાં નિયત મુદતે સંબંધિત પોલીસ સત્તાધિકારી તરફથી જે તે સમયે પોલીસ જાપ્તો સમયસર ઉપલબ્ધ નહીં કરવાના કારણે જેલ તંત્ર કેદીને ઉપસ્થિત નહીં રખાવી શકતા નામ.ગુજરાત હાઇકોર્ટમાં ક્રિમીનલ મીસે. એપ્લીકેશન (ફોર રેગ્યુલર બેલ) નં.૧૬૬૪૩/૨૦૧૪માં કેદીને ટ્રાયલ માટે જેલથી કોર્ટમાં રજૂ કરવામાં કોઇ વિલંબ ન થાય તેવી ખાતરી આપવા માટે નામ.હાઇકોર્ટ દ્વારા તા.૧૬/૦૧/૨૦૧૫ના હુકમથી જણાવવામાં આવેલ છે.

જેલમાં રહેલ કેદીઓને કોર્ટ મુદતે સમયસર હાજર રાખી શકાય તે માટે ખૂબ જ ગંભીર જેવા કે આકસ્મિક કોમી બનાવો વગેરે તાકીદના સંજોગો સિવાય સમયસર પોલીસ જાપ્તો ફાળવવામાં આવે તેની સબંધિત સર્વે પોલીસ સત્તાધિકારીએ તકેદારી રાખવાની રહેશે તેમજ આ અંગેની જાણ સંબંધિત નામ.કોર્ટને અચૂક કરવાની રહેશે.

આ સૂચનાઓના પાલનમાં કોઇપણ પ્રકારની ઉદાસીનતા દાખવવામાં ન આવે તે માટે રાજ્યના સર્વે જિલ્લા પોલીસ વડાઓ તેમજ સીટી માટે નાયબ પોલીસ કમિશ્નર (હેડ કવાર્ટર્સ)એ સમયાંતરે તેનું મોનીટરીંગ કરવાનું રહેશે. તેમજ સમયસર પોલીસ જાપ્તો અચૂક ફાળવવામાં આવે તે માટેની અંગત જવાબદારી સર્વે પોલીસ એકમના પોલીસ અધિકારીની રહેશે. ભવિષ્યમાં પોલીસ

જાપ્તાના અભાવે નામ.કોર્ટમાં ટ્રાયલ માટે કેદીને રજૂ કરવામાં વિલંબ ન થાય તેની સર્વે પોલીસ સત્તાધિકારીએ ખાસ તકેદારી રાખવી.

ક્રિમીનલ મીસે. એપ્લીકેશન નં.૧૯૨૮/૨૦૧૩માં નામ.ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેંચે તા.૧૭/૧૨/૨૦૧૪થી આપેલ ચૂકાદા મુજબ જેલમાં રહેલ કેદીઓને સંબંધિત કોર્ટમાં પ્રોડક્શન/ટ્રાયલની કાર્યવાહી માટે વિડિયો કોન્ફરન્સીંગ સિસ્ટમના માધ્યમથી રજૂ કરી શકાય છે. આથી, શક્ય તેટલા વધુ કેદીઓને વિડીયો કોન્ફરન્સ સિસ્ટમના માધ્યમથી ઉપસ્થિત રખાવાની કાર્યવાહી સર્વે જેલ અધિક્ષકશ્રીઓએ કરવા તથા જરૂર જણાયે સરકારી વકીલશ્રીના પરામર્શમાં રહી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દિલીપ જી. સોની)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

૧. અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૪. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
૫. સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
૬. સર્વે રેન્જ અધિકારીશ્રી,
૭. સર્વે પોલીસ અધિક્ષકશ્રી, (પ.રેલવે સહિત)
૮. સર્વે જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફતે)**
૯. સર્વે સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સર્વે શાખાઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧.સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર

**પ્રસ્તુત પરિપત્રની નકલ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની કાર્યવાહી અર્થે..**

૧૨. સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઇલ
૧૩. નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઇલ
૧૪. સિલેક્ટ ફાઇલ